## સલામી સવારની..



સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*(રજત જયંતી વર્ષ)*

*મેયર ને - કમિશ્નર 'સંપ'નાં ગીતો ગાય છે!*
*ખવાય છે ખાયકી, કાયદા-નિયમો ચવાય છે!*
*મિલીભગતના પવને ઠુંઠવાય કરદાતા -*
*ગાંધીનગરે ભ્રષ્ટાચારનું ધૂમ્મસ છવાય છે!*
*(મનપાનો મનફાવે તેવો વહીવટ)*

હાઈકુ

*છલકાઈ ગ્યું!*
*નગરનું તળાવ -*
*માત્ર ગ્રાંટોથી...*
*(નિષ્ઠાનું તળિયું છિદ્રાયુ)*

*લ્યો! જૂઓ વાટ*
*પીકઅપ સ્ટેંડે બેસી -*
*સુશાસનની...*
*(કદીક તો આવશે જ!)*

### ચિંતન

*જાનિઅ તબહિં જીવ જગ જાગા ।*
*જબ સબ વિષય બિલાસ બિરાગા ॥*

ઉપરોક્ત સાખી શ્રીરામચરિત માનસમાંથી લેવામાં આવેલ છે.

ભગવદ્‌ભાવમાં રસ આવવા લાગે અને વિષય-વિલાસનું આકર્ષણ છૂટવા લાગે તો સમજવું કે ભક્તિ પ્રાપ્ત થઈ ગઈ છે.

જેમ જેમ ભક્ત ભક્તિના માર્ગમાં આગળ વધશે તેમ એને બાહ્ય આડંબરો નાના લાગશે. ભક્તોનો સંગ કરવાથી, ભગવતપ્રાપ્ત મહાપુરુષોનાં જીવન ચરિત્રો વાંચવાથી અને ભગવાનનું નામ વારંવાર જપવાથી ભક્તિ પ્રાપ્ત થાય છે.

જે વ્યક્તિ વિશે તમે સાંભળ્યું હોય, વારંવાર એનું ચિંતન કર્યું હોય એ વ્યક્તિ જો મળે તો તમને ખૂબ આનંદ આવશે પણ જેના વિશે તમે સાંભળ્યું નહિ હોય, ચિંતન નહીં કર્યું હોય એ તમારી અત્યંત નજીકથી ચાલી જશે અથવા પાસે આવીને પણ બેસે તો પણ ફરક પડશે નહીં.

### સુવિચાર

- લક્ષ્ય વગરનું ચિંતન, શ્રદ્ધા વગરનું નમન, વિશ્વાસ વગર વંદના, એટલે કેવળ આડંબર - **એસ. ભટ્ટાચાર્ય**
- કામયાબ હોને પર મિઠાઈ માંગને વાલે અકસર વહી લોગ હોતે હૈં જો
  તકલીફ મેં હાલ પૂછને ભી નહીં આતે - **ડો. કુમાર**
- પ્રસરતું અજવાળું જોઈ કોઈકના ચાંદનું,
  એને જે ગ્રહણ બની ઢાંકવાની કોશિશ કરે છે ને, એનું નામ 'સમાજ' છે - **રોહિત શાહ**
- સોનાની સાચી ઓળખ આગમાં, મનુષ્યની સાચી ઓળખ ત્યાગમાં,
  ભાઈની સાચી ઓળખ ભાગમાં થાય છે - **જનકલ્યાણ**
- મફતનો રોટલો, નવરાશનો ઓટલો અને રોગનો ખાટલો, આ ત્રણેય સગા ભાઈઓ છે, એની એક માત્ર બહેન ગરીબી છે, પણ આ ચારેય સંતાનની સગી માતાનું આમ 'આળસ' છે - **જીવન પાથેય**
- અંદરના અહમને કદી જગાડવો નહીં, અને ભૂખ્યો આવે દ્વાર તો ભગાડવો નહીં, તમને કીધું અઢળક કુદરતે અને તમે દીધું એક પડીકું, એમાં ઢોલ વગાડવો નહીં - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : પપૈયાના પાનના રસમાં આમલી ઉમેરી ચપટી મીઠું ઉમેરી પાંચ મીનીટ ગરમ કરી એક કપ પીવાથી બહેનોને માસિક દરમિયાન થતી સમસ્યાઓ મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

બે વ્યક્તિ જંગલમાં ભૂલા પડ્યા. ગીચ જંગલ, અમાસની રાત, વાઘની ત્રાડો અને જાણે હમણાં જ મોત આવશે. એમાંનો એક વ્યક્તિ ફિલસૂફ હતો અને બીજા આધ્યાત્મિક હતો. એક શંકાશીલ અને બીજો શ્રદ્ધાવાન. અધૂરામાં પૂરું ગાજવિજ શરૂ થઈ અને ધોધમાર વરસાદ શરૂ થયો. ફિલસૂફ આકાશ સામે ફરિયાદ કરી બબડવા લાગ્યો. 'હે પ્રભુ, આ બધું શું થઈ રહ્યું છે, કેમ અને કેવી રીતે થઈ રહ્યું છે?' ફરિયાદ કરતાં કરતાં તે વારંવાર રસ્તો ચૂકી જશો. જયારે શ્રદ્ધાળુની નજર રસ્તા પર હતી. જયારે જયારે વિજળીનો ચમકારો થતો ત્યારે એ આગળનો રસ્તો જોઈ લેતો. અને મક્કમ ડગલા માંડીને આગળ વધતો. આપણે સૌ આનાથી પણ વધુ ભયાનક જંગલમાં ભટકી ગયા છીએ. ચારેબાજુ અંધારું છે, વીજળીના ચમકારે રસ્તો શોધતા રહો, એ રસ્તાને શ્રધ્ધાપૂર્વક અનુસરતા રહો, શંકા ન કરો, કર્મ કરો, વિચાર મદદ નહીં કરે, કૃત્ય મદદ કરશે, કારણ કે વિચાર તો મનમાં ચાલે છે. સમગ્રતા વિચારોથી નહીં, કર્મથી આવે છે. સાર એ છે કે અણધાર્યા આવેલ પડકારનો સામનો કરવા વર્તમાનમાં ઉદ્‌ભવેલી તક ને જે ઝડપી લે એ જ ખરો બુદ્ધિશાળી.

# અમેરિકાની ઈજ્જતના ધજાગરા

*તંત્રીસ્થાનેથી...*

આખરે અમેરિકાના નિવૃત્ત થઈ રહેલ રાષ્ટ્રપ્રમુખે એમનું પોત પ્રકાશ્યું. અમેરિકાએ વિશ્વની શ્રેષ્ઠ લોકશાહીનું બિરુદ સાંપડેલું છે. પણ એના પાયા કેટલા તકવાદી છે એનું જાહેર પ્રદર્શન વોશિંગ્ટન સ્થિત અમેરિકાના સંસદભવન (કેપિટોલ) ખાતે થઈ રહ્યુ. ડોનાલ્ડ ટ્રમ્પ ચાર વર્ષ પૂર્વે રિપબ્લિકન પાર્ટીના અધિકૃત ઉમેદવાર તરીકે ડેમોક્રેટ ઉમેદવાર હિલેરી ક્લિન્ટન વિરુદ્ધ મેદાનમાં ઊતર્યા ત્યારથી એમની વિકૃત મનોદશા અને ચિત્રવિચિત્ર નિવેદનોથી દુનિયા વાકેફ હતી. એમણે ચૂંટાયા પછી પોતાના શાસનકાળમાં પણ ભાતભાતનાં ગતકડાં કાઢવાનું ચાલું રાખ્યું હતું. પ્રજાનો એક સમુદાય પહેલાંથી જ આ હોટલ ઉદ્યોગ સાથે સંકળાયેલ ધનકુબેરની રાજકીય કુનેહ મુદ્દે શંકા ધરાવતો હતો જે કાળક્રમે એમનાં વાણીવર્તનથી સાચી ઠરી છે. બીજી ટર્મ માટે ચૂંટણી લડવામાં એમને અનેકવિધ બાબતો નડી હતી. ચાઈનીઝ વાઈરસ કોરોના સંક્રમણને નાથવામાં તંત્રને મળેલી સરિયામ નિષ્ફળતા ઉપરાંત વિદેશનીતિ સંદર્ભે ટ્રમ્પે અનુભેલી અવઢવ અને ખોટા નિર્ણયોથી વાતાવરણ બગડેલું જ હતું. સામે પીઢ અને પરિપક્વ રાજનીતિજ્ઞ જો બાઈડનને ડેમોક્રેટિક પાર્ટીએ મેદાનમાં ઉતાર્યા હતા. જેમમે કુનેહપૂર્વક ભારતીય મૂળનાં કમળા હેરીસને ઉપરાષ્ટ્રપતિ પદ માટે ઉમેદવારી કરાવી ટ્રમ્પની મોદી સાથેની અને ભારત સાથેની મૈત્રીથી થનાર સંભવિત નુકશાન સરભર કરી દીધું હતું. ટ્રમ્પને નિર્ધારિત ધારાધોરણો મુજબ કુલ મતદાન તેમજ ઈલેકટોરલ વોટ બોઉમાં પરાજય મળ્યા પછી પણ એમણે હાર સ્વીકારી નહોતી અને અદાલતોએ જયારે એમને હારેલા ઠરાવ્યા તે પછી પણ સંસદમાં છઠ્ઠી જાન્યુઆરીના દિવસે શરૂ થનાર સત્તાના હસ્તાંતરણની પ્રક્રિયા ખોરવી નાખવા પોતાના હજારો ટેકેદારોને ઉશ્કેર્યા હતા. પોતાને ખોટી રીતે હારેલા જાહેર કરવામાં આવ્યા હોવાનું જુઠ્ઠાણું સતત ચલાવતા રહી એમણે ટેકેદારોનું સંસદભવન ઘેરી લેવાનું આહવાન કર્યું હતું એથી સરજાયેલી અંધાધૂધી આખી દુનિયાએ જોઈ. સંસદસભ્યોને ભૂગર્ભ ટનલમાં લઈ જવા પડ્યા. સશસ્ત્ર ટોળું સંસદભવનમાં ઘૂસી તોડફોડ અને મારામારી કરવા લાગ્યું એથી સુરક્ષાકર્મીઓને ગોળીબાર કરવાની ફરજ પડી જેમાં ચાર માણસોના જીવ ગયા. એક ટ્રમ્પ સમર્થક મહિલા તો સંસદભવનમાં જ મોતને ભેટી. અમેરિકા જેવી કહેવાતી વિશ્વની શ્રેષ્ઠ લોકશાહી માટે આથી વધારે શરમજનક બાબત કઈ હોઈ શકે? ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે, પણ અહીં સંસદભવન પર થયેલ અપવાદરુપ આતંકી હુમલા પછી એવી જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા છે કે ટોળું તો શું, એકલદોકલ નિઃશસ્ત્ર માણસ પણ પૂરતી સુરક્ષાજાંચ પછી જ એનાં પગથિયાં સુધી પહોંચી શકે છે. અમેરિકાની આંતરરાષ્ટ્રીય ઈમેજના ધજાગરા ઊડી ગયા છે અને તે હજી જેમની સત્તાનું હસ્તાંતરણ ૨૦ જાન્યુઆરીએ થવાનું છે એવા વિશ્વમાં એના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. લોકશાહી રાષ્ટ્રોએ આ હુમલાની ઘોર નિંદા કરી છે જેમાં ભારત સૌથી મોખરે રહ્યું છે. જો બાઈડનની શપથવિધિ સંપન્ન થાય ત્યાં સુધી વોશિંગ્ટનમાં સ્ટેટ ઈમરજન્સી જાહેર થઈ છે. આ બધું રાંડ્યા પછીનું ડહાપણ છે. હિંદીમાં કહેવત છે કે બૂંદ સે ગઈ વો હૌજ સે નહીં આતી. અમેરિકાની ઈજ્જતના ધજાગરા ઉડાડનારા પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પને સત્તાનાં હસ્તાંતરણ પૂર્વે જ મહાભિયોગ ચલાવી બરતરફ કરવાની કાર્યવાહી અમેરિકન સંસદમાં શરૂ કરી દેવાઈ હતી. જો એમ થશે તો વળી અમેરિકાના ઈતિહાસમાં ચૂંટાયેલા પ્રમુખને છેક છેલ્લી ઘડીએ પદભ્રષ્ટ કરાયાનું નવું પ્રકરણ ઉમેરાશે. દુનિયાની જમાદારીને ઠેકો લઈ બેઠેલા દેશેનું સંસદભવન જ સલામત ન હોય, એની પ્રજામાં લોકશાહી મૂલ્યોની સામાન્ય સમજણ ન હોય એથી વધારે શરમજનક બાબત બીજી કઈ હોશી શકે?

# મ્યુકર માઈકોસીસ શું છે?

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર



આજે ડાહ્યાલાલ નવના ટકોરે આવીને બેસી ગયા. ત્રણ મિત્રોની રાહ જોતા હતા. ડાહ્યાલાલ મનમાને મનમાં બબડતા રહ્યા. આટલી બધી ઠંડી પડે છે. બે સ્વેટર પહેર્યા છે. આ સાડા ત્રણ મિત્રો કયાં છે? એમણે ખબર નથી પડતી. આવી ઠંડીમાં એકલા બેસી રહેવાથી કેટલી તકલીફ પડે છે. આવા દો ત્રણ જણને. ત્રણેયની ખબર લઈ લઉં. ત્યાં જ ગાંડાલાલનો પ્રવેશ થયો. અરે ડાહ્યાભાઈ, તમે તો બરાબર ટાઈમે આવી ગયા. મને એમ કે આવી ઠંડીમાં કોઈ નહી આવે. ડાહ્યાલાલ ખીજાયેલા હતા. અને બોલ્યા, હાં ભાઈ, હા! બધા માણસો

**મ્યુકર માઈકોસીસ નવો રોગ છે? : મ્યુકર માઈકોસીસનું ઓપરેશન થઈ શકે?**

અપ્રમાણિત નથી હોતા. દૂધ લઈને આવાનું કહેવામાં આવ્યું હોય તો અમે તો દૂધ લઈ આવીએ તમારા જેવા માણસો પાણીનો લોટો લઈ આવે. એટલામાં વિપુલ અને નિલેષ બંનેની એન્ટ્રી થઈ. જય સ્વામિનારાય.... વિપુલે કહ્યું... ગાંડાભાઈએ કહ્યું, અરે વિપુલ બધાને જય સ્વામિનરાયણ.... પણ આજે ડાહ્યાભાઈ ખીજાયેલા છે.

કારણ કે એ સમયસર આવી ગયેલા છે અને ઠંડીમાં ખૂબ અકળાયેલા છે. પણ વિપુલ, ઠંડીનું કારણ નથી. પણ ડાહ્યાભાઈએ કહેલું ડિસેમ્બર-જાન્યુઆરીમાં કોરોનાનો પ્રકોપ ખુબ હશે. પણ સાલું આવું થયું નહીં એટલે ડાહ્યાભાઈ અકળાયેલા છે. ડાહ્યાભાઈથી રહેવાયું નહીં... અરે ગાંડાભાઈ કોરોના ઓછો થયો અને હું ખોટો પડ્યો એ બંને સાચું છે પણ મને આનંદ છે આપણા જ ભાઈઓ અને બહેનો જો કોરોનાથી મુક્ત થઈ જાય તો એના જેવો બીજો આનંદ શું ? નિલેષ ભાજપનો કાર્યકર છે. અને આતો આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની કમાલ છે. બાકી અમેરિકામાં જુઓ, ઈંગ્લેન્ડમાં જુઓ, અને બીજા બધા દેશોમાં જુઓ, શું દશા છે? અરે સોનામાં સુગંધ ભરે એમ બે કંપનીની કોરોનાની રસી ઉપલબ્ધ કરવા માટે ખૂબ જ કંપનીઓને પ્રોત્સાહન કરી. ડાહ્યાલાલ બોલ્યા, અમુક અંશે તારી વાત સાચી છે નિલેષ. જે લોકોમાં એન્ટી બોડી ન હોય તે લોકોએ રસી લઈ લેવી જોઈએ. એટલે કોરોના પણ ઓછો થયો છે અને રસી પણ આવી ગઈ છે એટલે આપણો દેશ જલદીથી કોરોનામુક્ત થઈ જશે.

ગાંડાલાલ બોલ્યા... અરે ભાઈ! આ મ્યુકર માઈકોસીસ શું છે? એ કોને થાય? આ મ્યુકર માઈકોસીસ નવું છે? ડાહ્યાભાઈએ કહ્યું, 'મ્યુકર માઈકોસીસ નવું નથી.' એ જૂનું જ છે. જે લોકો સ્ટીરોઈડની દવા વધારે પ્રમાણમાં લેતા હોય એ લોકોમાં મ્યુકર માઈકોસીસ થાય છે. ગાંડાલાલે પૂછ્યું... મ્યુકર માઈકોસીસ કયા લોકોમાં થાય? જે લોકોમાં રોગપ્રતિકારક શક્તિ એટલે ઈમ્યુનિટી ઓછી હોય એ લોકોમાં મ્યુકર માઈકોસીસ જોવા મળે છે. જે લોકોને કોરોના થયો હોય અને ફેફસામાં કોરોનાના કારણે ન્યુમોનિયા થયો હોય એવા દર્દીને સ્ટીરોઈડ આપવામાં આવે છે. એન્ટી બાયોટિક અને સ્ટીરોઈડ આવા દર્દીને આપવા જ પડે. હવે જો દર્દીમાં રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય અને સ્ટીરોઈડ આપવામાં આવે તો એ દર્દીમાં મ્યુકર માઈકોસીસ થાય છે. મ્યુકર માઈકોસીસમાં ફંગસ એટલે કે (ફુગ) ફેફસામાં, મો ઉપર, નાક અને જીભ પર અથવા તો શરીરના કોઈ પણ ભાગમાં જોવા મળે છે. ગાંડાલાલે કહ્યું મેં તો એવું સાંભળ્યું હતું જે લોકોને ડાયાબિટીસ હોય એમને જ આ રોગ થાય છે. ડાહ્યાલાલે કહ્યું, ગાંડાભાઈ તમે વાંચીને જ આવ્યા છો. તમારી વાત સાચી છે. ગાંડાભાઈ જે લોકોની રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય એટલે કે ૬૦ થી ઉપરના વ્યક્તિમાં જેમનો ડાયાબિટીસ હોય તેમાં, અને જે લોકોને કેન્સર હોય એવા વ્યક્તિમાં મ્યુકર માઈકોસીસ જોવા મળે છે.

મ્યુકર માઈકોસીસમાં ફંગસ એટલે કે ફુગ જોવા મળે છે. જેમના મોંમાં ફુગ ઉગે છે તેને ઓપરેશન કરીને ફુગ કાઢવામાં આવે છે. એટલે કે મ્યુકર માઈકોસીસમાં ઓપરેશન દ્વારા ફંગસના ગ્રોથને અટકાવવામાં આવે છે. જો કે એ જોખમી સર્જરી હોય છે પણ એનું ઓપરેશન શક્ય છે. ગાંડાભાઈથી રહેવા નહીં.... તો લોકો સ્ટીરોઈડ શું કરવા આપતા હશે... ડાહ્યાલાલે કહ્યું, બે ખરાબ વાતમાંથી એક ખરાબ વાત પસંદ કરવી પડે. કોરોનાથી બચવા માટે સ્ટીરોઈડ લેવા પડે...

# ગિજુભાઈ બધેકા અને બાળગીતોનો અમૂલ્ય ખજાનો

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી



દરેક માસમાં માગશર – માર્ગશીર્ષ – હું છું તેવું કહીને ગીતાના ગાનારા કૃષ્ણે માગશર માસનો મહિમા કર્યો છે. ઋતુઓ સાથે ઘણાં કારણોસર આપણો સંબંધ ઓછો થતો જાય છે. ઋતુઓને આપણી સામાન્ય બોલચાલની ભાષામાં season કહીને આપણે ઓળખાવીએ છીએ. આવી ઋતુઓ – season – ના રળિયામણાં રંગોના સ્થાને ઋતુઓ સાથેના કહેવાતા બિહામણા રોગચાળાની વિશેષ ચર્ચા થાય છે. જેમ સવાર તથા સાંજને પોતાની એક આગવી પ્રતિભા છે તેમ દરેક ઋતુની પણ આગવી ઓળખ તથા અલગ અસર છે. ઋતુઓ સાથેના – કુદરત સાથેના નાના એવા અનુસંધાનથી પણ એક ઉલ્લસાનો ભાવ પ્રગટી શકે છે. આવો ભાવ મકરંદી મીઝાઝમાં ઝિલાયો છે.

માઘ તણી મંજરીનો આજે ઉલ્લાસ મારે
કાલ પછી ફાગણનો ફાલ.

માગશર તથા નવેમ્બર માસનો સુંદર સુયોગ છે. તેવોજ બીજો સુખદ સુયોગ ગિજુભાઈ બધેકાની જન્મજયંતિ તથા બાળદિનનો છે. (૧૪ તથા ૧૫મી નવેમ્બર) પંડિત નહેરૂને બાળકો પ્રિય હતા તો ગિજુભાઈનું ઐતિહાસિક કાર્ય બાળ શિક્ષણને એક નવી દિશા આપવાનું હતું. ૧૫મી નવેમ્બર એ ગિજુભાઈની જન્મજયંતિ છે ત્યારે તેમનું વિશેષ સ્મરણ થાય છે. દાયકઓ પહેલાં ગિજુભાઈ બધેકાએ ભાવનગરની દક્ષિણા મૂર્તિમાં સમર્પિત કાર્યની ધૂણી ધખાવી હતી. બાળ સાહિત્યનો ધોધ તેમણે વહેતો મૂક્યો હતો. ગિજુભાઈએ લખ્યું છે કે બાળ સાહિત્યમાં કોમળતા તથા ગૌરવ હોય. ભાષાનું રૂમઝૂમતું સંગીત હોય. વિચારની સૂક્ષ્મ ઝિણવટ પણ હોય. આવા સાહિત્યનું સર્જન કરીને તથા તે માટેની પ્રેરણા આપીને ગિજુભાઈ અમર થયા છે. રમણલાલ સોની, ત્રિભુવનભાઈ વ્યાસ તથા દલપતરામના કેટલાંયે કાવ્યો બાળકોને આનંદપ્રદ બોધ આપી શકે તેવા મહેન્દ્રભાઈ મેઘાણીએ પણ 'લોકમિલાપ'ના સબળ માધ્યમથી બાળકોના પત્રો જેવી નાની પુસ્તીકાઓ તૈયાર કરી તેનું વિતરણ પણ કાળજીપૂર્વક કર્યું. બાળકોને જોવી ગમે તથા અવિધિસર રીતે કેળવણી પણ મળી શકે તેવા બેવડા ઉદ્દેશથી બાળકોને બાળફિલ્મો બતાવવાનું કામ ઘણા વર્ષો સુધી ફિલ્મ મિલાપ દ્વારા કર્યું જે નોંધપાત્ર છે. 'ચક્રમહ્ન જેવા સામયિકો પણ બાળકોને ગમતાં રહ્યા. બાળકાવ્યો જેટલુંજ મહત્વ બાળવાર્તાઓનું તથા બાળ નાટકોનું છે. જોકે આ સાહિત્યનો મહત્વનો ભાગ જોઈએ તેવો ખેડાયો નથી તેવો અભ્યાસુઓનો મત છે. આ માન્યતામાં તથ્ય છે.

કવિ દલપતરામની પ્રસિધ્ધ રચના અંધેરી નગરી તે આવા મનોહર તેમજ અર્થપૂર્ણ કાવ્યનું એક સુંદર ઉદાહરણ છે. જે વિસ્તારની તમામ વ્યવસ્થા, વિચાર તથા વિવેક હિનતાના પાયા પર ટકેલી હોય તેવા પ્રદેશમાં ગમે તે લાભ દેખાતા હોય તો પણ રહેવું જોખમી છે તે વાત કવિએ મજાના ઉદાહરણથી સમજાવી છે.

પુરી એક અંધેરી ને ગંડુરાજા
ટકે શેર ભાજી ટકે શેર ખાજા.
બધી ચીજ વેચાય ત્યાં ભાવ એકે,
કદી સારી બૂરી ન વેચે વિવેકે.
ગુરૂજી કહે રાત રહેવું ન આંહી,
સૌ એકભાવે ખપે ચીજ જયાંહી.
હશે ચોરને શાહનો ન્યાય એકે,
નહિ હોય શિક્ષા ગુનાની વિવેકે.
રહ્યાં શિષ્યજી તો તહીં દિન ઝાઝા,
તસ્કર ખાતર પાડવા ગયા વણિકને દ્વાર
તહાં ભીંત તૂટી પડી, ચોર દબાયા ચાર
એવું ઘર કેવું ચણ્યું ખૂન થયા તે ઠાર
રાતે ખાતર ખોદતાં ચોર દબાયા ચાર.
ભૂપ કહે શું હર ઘડી પૂછો આવી કોઈ
શોધી ચડાવો શૂળીએ જાડા નરને જોઈ.
જોતાં જોતાં એ જડ્યો જોગી જાડે અંગ
બહુ દિન ખાઈને બન્યો, રાતેમાતે રંગ.

માત્ર બાળકોનેજ નહિ પરંતુ દરેક કાળે તમામ વયજૂથના લોકોને સાંભળવું તથા માણવું ગમે તેવું આ કાવ્ય છે. તેમાં બોધતત્ત્વ છે પરંતુ બોધતત્વનો સહજે પણ ભાર નથી. શિષ્ય ગુરૂને સમજાવે છે છતાં શિષ્યને આ અંધેરી નગરીના વહીવટથી ત્યાંજ રહીને લાભ મેળવવાની વૃત્તિ થાય છે. લાભ મળે છે પણ ખરા. પરંતુ અંતે તો ગુરૂએ જે ભય બતાવ્યો હતો તેવીજ ઘટના બને છે. આ શિષ્યને ફાંસી એટલા માટે ચડાવવાનું રાજાએ નક્કી કર્યું કે તેનું રૂષ્ટપુષ્ટ શરીર તથા મોટું માથું ફાંસીના ફંદામાં બંધબેસતું આવે છે ! જે રાજ્યના કે વ્યવસ્થાના પાયામાંજ અવ્યવસ્થા હોય તેનું પરિણામ તો અંધાધૂંધીમાંજ આવે. આવા શાસન કે વ્યવસ્થાના પરિણામ ટૂંકાગાળા માટે કદાચ લોકોને આકર્ષક લાગે તો પણ લાંબાગાળે આ લાભ લેનારા વર્ગનેજ સહન કરવાનો વખત આવે છે. હિટલરે પહેલાં તો આર્યત્વના આત્મગૌરવનું ગાન ગાયું. પ્રજાના ગળે એ વાત ઉતારવા સતત પ્રયાસ પણ કર્યો કે દુનિયામાં તેઓજ શ્રેષ્ઠ તથા બલિષ્ઠ છે. પરંતુ ભીષણ તથા ખુવારીભર્યા યુદ્ધ પછી જર્મની તથા વિશ્વના કેટલાયે દેશોના નસીબમાં પારાવાર ખુવારી આવી. બીજી તરફ ભારતીય ઉપખંડમાં ગાંધીની સત્ય તથા અહિંસાની વિચારસરણી મુજબ લડવામાં આવેલ હિન્દના મુક્તિ સંગ્રામ પછી મુશ્કેલીઓ તથા પડકારો વચ્ચે પણ ભારત જેવા મજબૂત લોકશાહી ધરાવતા દેશનું નિર્માણ થયું. બાળદિન તથા ગિજુભાઈ બધેકા કે જેઓ ''મૂછાળી મા'' તરીકે ઓળખાતા હતા તેમની આ જન્મજયંતિ એ વાતનું ફરી સ્મરણ કરાવે છે કે બાળકોને તેમનું આકાશ આપવાની પ્રાથમિક ફરજ માતા-પિતા તેમજ શિક્ષકોની છે. બાળકોનો સ્વસ્થ વિકાસ થાય ત્યાંજ સ્વસ્થ સમાજનું નિર્માણ થાય. દર્શકદાદા આથીજ આવા સ્વસ્થ બાળ ઉછેરને વિશ્વશાંતિની ચાવી તરીકે ઓળખાવે છે. ગિજુભાઈના બાળવિકાસના ચિરંજીવી કાર્યોના સંદર્ભમાં ગાંધીજીએ લખેલા બે શબ્દો ફરી યાદ કરવા જેવા છે. ''ગિજુભાઈ વિશે લખનાર હું કોણ ? એમના ઉત્સાહ તથા એમની શ્રધ્ધાએ મને મંત્રમુગ્ધ કર્યો છે. એમનું કામ ઊગી નીકળશે.''

# મૂળભૂત સિદ્ધાંતો અને સમર્થ નેતા ક્રાંતિ સર્જે

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની



મહાત્મા ગાંધી તેમની વૈચારિક સ્પષ્ટતા, ઉદાત્ત સામાજિક નિસ્બત અને કાર્યક્રમોના પ્રયોગ - સમજણ અને સ્પષ્ટ એકસૂત્રતાને પરિણામે પ્રભાવક રીતે હંમેશા વ્યક્ત થાય છે. ગાંધી પહેલા પોતે જે વિચારે - એને પ્રમાણે અને જાત ઉપર પ્રયોગ કરે પછી બીજાને એનું સૂચન કરતા હતા.

ગાંધી - સિદ્ધાંતોની બાબતની એકસૂત્રતા તથા તેમની વ્યાવહારિક યોજનાઓમાં વ્યાપી રહેતી એકસૂત્રતાને કારણે ગાંધીજીનો કાર્યક્રમ એક આખી વસ્તુ બની રહે છે. તેનાથી તે પોતાની વિશિષ્ટ ભાવનાઓવાળી એક સંપૂર્ણ ફિલસૂફી બની રહે છે. એ ભાવનાઓનું સ્વરૂપ ક્રાંતિકારી છે. તેઓમાં રહેલું ક્રાંતિકારક તથા પ્રાણપૂરક તત્ત્વ ઘણી વાર વિરોધી ટીકાકારોના ખ્યાલ બહાર રહી જાય છે, તેઓ અહિંસાની નીતિથી ભરમાઈ જાય છે. હિંસાએ કાંઈ ક્રાંતિનું હાર્દ નથી. ક્રાંતિનું હાર્દ તો જીવનના અમુક સિદ્ધાંત કે જેમને અધ્યાત્મવાદીઓ શાશ્વત તો કહે છે, તેમના ઉપર રચાયેલાં નવાં મૂલ્યો છે. આધુનિક જમાનામાં શાશ્વત શબ્દ અવૈજ્ઞાનિક જેવો લાગવા સંભવ છે; પરંતુ વિજ્ઞાનશુદ્ધ સમાજવાદીઓ, માર્ક્સવાદીઓ અને બોલ્શેવિકો અહિંસાની શાશ્વતતાનો ભલે ઈનકાર કરે, તે પણ તેઓ સત્ય અને ન્યાય જેવા સિદ્ધાંત – ભલે પછી તે ગમે તેવાં બદલાતાં બાહ્ય સ્વરૂપે અને આચારમાં મૂર્તિમંત થયા હોય તોપણ, – શાશ્વત સિદ્ધાંત છે અને આ પૃથ્વી ગ્રહ ઉપર માનવ પ્રાણીઓના બધા સામાજિક વ્યવહારના પાયામાં રહેલા છે, એની તે ના નહીં પાડે.

સિદ્ધાંત અને કાર્યક્રમ મોજૂદ હોય, તે પછી સફળ

**જે માણસે ધારાસભાને પાપ ગણાવ્યું તેણે જ પ્રધાનપદોનો સ્વીકાર કરાવ્યો**

ક્રાંતિ માટે વધુ એક બાબતની જરૂર રહે છે, અને તે પિલા સિદ્ધાંતના અવતારસમા પ્રાણ પૂરક નેતાની. ક્રાંતિઓ કંઈ મત ગણવાની યુક્તિથી સધાતી નથી, કે માત્ર લેકેનાં ટોળાંથી સધાતી નથી (Front populaire) પરંતુ આદર્શની સિદ્ધિમાં કોઈ પણ કિંમતને અતિ મોટી ન ગણનારી દકનિકથી નેતાગીરી હેળ સાંધા પરણી જવાથી સધાય છે. આમ મૂળભૂત સિદ્ધાંતો અને તેમને કામ હોય અને સમર્થ નેતા હોય, તો કોઈ પણ ક્રાંતિ સફળ નીવડે, એમ સિદ્ધાન્તની દષ્ટિએ કહી શકાય. પરંતુ વ્યવહારમાંની સફળતા તો, બીજા હજાર અનુકૂળ સંજોગોનો અરે અકસ્માતે મેળ થવો, તથા ફરી કદી પાછી ન આવે એવી તકોને યોગ્ય ઉપયોગ થવો, વગેરે બાબત ઉપર આધાર રાખે છે.

આચાર્ય કૃપાલાણી લખે છે : ગાંધીજીની જીવનયોજનામાં મૂળભૂત સિદ્ધાંતોની ઊણપ નથી, કે કાર્યક્રમની ઊણપ નથી, કે જીવતા સમર્થ નેતાની ઊણપ નથી. તેથી કરીને જ કદાચ તેમની કેટલીક જનાઓ ગમે તેટલી અવ્યવહારુ અને જમાના સાથે મેળ વગરની દેખાતી હોવા છતાં તેઓમાં વિચિત્ર જીવરાપણું હોય છે. છેવટે ક્રાંતિઓ કાંઈ કહેવાતી સ્કૂલ બીનાઓ અને વસ્તુસ્થિતિ ઉપર જ રચાતી નથી. ક્રાંતિઓ જે વસ્તુસ્થિતિને લેખામાં લે છે તે માત્ર બાહ્ય ભૌતિક વસ્તુસ્થિતિ જ નથી હોતી. અસરકારક રીતે વાસ્તવિક નીવડવા માટે તેમણે પિતાની અંદર કલ્પના, ઉત્સાહ, શ્રદ્ધા, દીર્ઘદષ્ટિ અને તેવી બીજી અનેક માનસિક તેમ જ નૈતિક વસ્તુસ્થિતિએને પણ સમાવેશ કરવો જોઈએ. દાખલા તરીકે, લેનિન અને તેના અનુયાયીઓએ લક્ષમાં રાખેલી વસ્તુસ્થિતિમાં કલ્પના, ધગશ, ઉત્સાહ, શ્રદ્ધા અને દીર્ઘદષ્ટિને અભાવ હોય, તે બોલ્શેવિક ક્રાંતિમાં શું બાકી રહે?''

આમ, ગાંધીજીની ફિલસૂફી એ સ્થૂલ બીનાઓ અને વસ્તુસ્થિતિ ઉપર રચાયેલી સંપૂર્ણ ક્રાંતિકારક ફિલસૂફી છે. તેને કઈ ભાગ છૂટો અસંબદ્ધ નથી. આને કારણે જ સિદ્ધાંતની દષ્ટિએ એ એક પરિપૂર્ણ તત્વસિદ્ધાંત ન હોવા છતાં, તે મિશનરીની ધગશ અને ઉત્સાહથી ધીકતા અને તેજસ્વી તથા જવલંત શ્રદ્ધા અને અદમ્ય સ કલ્પશક્તિ સહિત વાસ્તવિકતાની પકડવાળા લોકોને ખેંચી શકે છે. હિંદી વિનીતે અને સમાજવાદીએ તેની આ બાજુને સમજી શકતા નથી. સમાજવાદીઓ ગાંધીજીની ફિલસૂફીમાં જે પ્રાણબળ પ્રગટ થતું હોય છે, તથા આમજનતા ઉપર તેનો જે પ્રભાવ હોય છે, તે જોઈને દિમૂઢ થઈ જાય છે. અરે, તેમની દલીલેમાં જે તર્કને અભાવ પ્રત્યક્ષ દેખાતા હોય છે, તે જ જાણે લેકમાં વધુ પ્રતીતિકારક નીવડે છે ! તેનું કારણ શું? એ જ કે, ગાંધીજી હંમેશાં સુસંગતતા અને શાસ્ત્રીય તર્કશુદ્ધતાને ભાગ આપી પ્રાણપૂરક અને ક્રાંતિકારી નિરૂપણ કરવાનું વધુ પસંદ કરે છે. એ જ માણસ કે જેણે એક વાર એમ જાહેર કર્યું હતું કે, ધારાસભાઓમાં જવું પાપ છે, તે જ માણસે બીજી વેળા ધારાસભામાં જવાની હિમાયત તો કરી એટલું જ નહીં પ્રધાનપદાનો પણ સ્વીકાર કરાવ્યો હતો.

(વધુ આવતા આંકે...)